અપીલ અરજી નં.૩૩૧ તા.૧૧–૨–૦૯

અરજદારઃ શ્રી ડો.છગનભાઈ એમ. વાઘાણી
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો.છગનભાઈ એમ. વાઘાણીની તા.૯–૧–૦૯ ની અરજીથી (૧) ટોરેન્ટ ગ્રાહક નં.૨૯૭૯૫૫ ધ્વારા ફરીયાદ નં.૮૫૮૮૬૭૧ થી તા.૩૧–૧૦–૦૮ ના રોજ ફોલ્ટ રીપેર કરવા ૪૬–રામનગરની શેરીમાં કાર્પેટ રોડ ખોદેલ તેનો એ– ટોકન નંબર– 'બી' ખાડાનું માપ લં×૫×ઉ ફુટમાં –સી બીલની રકમ –ડી ખોદકામ માપનારનું નામ, હોદ્દો, લાયકાત– ઈ પરવાનગી આપનારનું નામ,હોદ્દો, લાયકાત અને સમય – એફ જમાં લેવાયેલી રકમ, જમાં કરેલ આવક કોડ (૨) ખાડો કયારે પેચવર્ક કર્યો કરનાર અધિકારીનું નામ, સમય તારીખ જણાવવું. તા.૨૯–૧૦–૦૮ થી તા.૭–૧–૦૯ ખોડેલ જગ્યા ઉપર પેચવર્ક માયે તા.૧–૧ –૦૯ ના રોજ અરજદારે પેચવર્ક કરવા માટે રજુઆત કરેલ તે કામગીરી કયારે થઈ? વિગેરેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૧–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૩૧/૨૦૦૮–૦૯

શ્રી ડો.છગનભાઈ એમ. વાઘાણીની તા.૯–૧–૦૯ ની અરજીથી (૧) ટોરન્ટ ગ્રાહક નં.૨૯૭૯૫૫ ધ્વારા ફરીયાદ નં.૮૫૮૮૬૭૧ થી તા.૩૧–૧૦–૦૮ ના રોજ ફોલ્ટ રીપેર કરવા ૪૬–રામનગરની શેરીમાં કાર્પેટ રોડ ખોદેલ તેનો એ– ટોકન નંબર– 'બી' ખાડાનું માપ લં×૫×ઉ ફુટમાં –સી બીલની રકમ –ડી ખોદકામ માપનારનું નામ, હોદ્દો, લાયકાત– ઈ પરવાનગી આપનારનું નામ,હોદ્દો, લાયકાત અને સમય – એફ જમાં લેવાયેલી રકમ, જમાં કરેલ આવક કોડ (૨) ખાડો કયારે પેચવર્ક કર્યો કરનાર અધિકારીનું નામ, સમય તારીખ જણાવવું. તા.૨૯–૧૦–૦૮ થી તા.૭–૧–૦૯ ના સમય દરમ્યાન ખોડેલ જગ્યા ઉપર પેચવર્ક માટે તા.૧–૧–૦૯ ના રોજ અરજદારે પેચવર્ક કરવા માટે રજુઆત કરેલ તે કામગીરી કયારે થઈ? વિગેરેની માહિતી આપવા બાબતે માંગેલી માહિતી અધુરી છે અને માહિતી આપી નથી ખાડાનું માપ,બીલની રકમ, ખાડો માપનારની વિગત, પરવાનગી આપનારની વિગત વિગેરે માહિતી મળેલ ન હોવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૧૦ તા.૧૯–૨–૦૯થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. કે માહિતીના ઈન્કાર માટે આરટીઆઈ કાયદાની કલમ ૮,૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી.

અરજદારની તા.૯–૧–૦૯ ની અરજીથી (૧) ટોરન્ટ ગ્રાહક નં.૨૯૭૯૫૫ ધ્વારા ફરીયાદ નં.૮૫૮૮૬૭૧ થી તા.૩૧–૧૦–૦૮ ના રોજ ફોલ્ટ રીપેર કરવા ૪૬–રામનગરની શેરીમાં કાર્પેટ રોડ ખોદેલ તેનો એ– ટોકન નંબર– 'બી' ખાડાનું માપ લં×૫×ઉ ફુટમાં –સી બીલની રકમ –ડી ખોદકામ માપનારનું નામ, હોદ્દો, લાયકાત– ઈ પરવાનગી આપનારનું નામ,હોદ્દો, લાયકાત અને સમય – એફ જમાં લેવાયેલી રકમ, જમાં કરેલ આવક કોડ (૨) ખાડો કયારે પેચવર્ક કર્યો કરનાર અધિકારીનું નામ, સમય તારીખ જણાવવું. તા.૨૯–૧૦–૦૮ થી તા.૭–૧–૦૯ દરમ્યાન ખોડેલ જગ્યા ઉપર પેચવર્ક માયે તા.૧–૧–૦૯ ના રોજ અરજદારે પેચવર્ક કરવા માટે રજુઆત કરેલ તે કામગીરી કયારે થઈ? વિગેરેની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને અરજદારે અપીલ અરજી સાથે સામેલ કરેલ જાહેર માહિતી અધિકારીના પત્ર તા.૩–૨–૦૯ થી માહિતી પૂર પડાયેલ હોવાનું જણાયેલ છે. વધુમાં અરજદારે અપીલ અરજીમાં માંગેલ માહિતીનો સમાવેશ થયો નથી તથા માહિતી અધૂરી હોવાનું જણાવેલ.

જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને માત્ર મુદ્દા નં.૨ ખાડો કયારે પેચવર્ક કર્યો? તે અધિકારીનું નામ તથા તારીખ અને સમયની માહિતી આપેલ છે. મુદ્દા નં.૧ અંગે ઈલે.કું.ને ટોકન ફાળવેલ નહીં હોવાનું જણાવી બાકીના મુદ્દાની માહિતી પુરી પાડેલ નથી. મુદ્દા નં.૨ ની આપેલ માહિતી ધ્યાને લેતાં મુદ્દા નં.૧ બી અને ૧ ડી ની માહિતી દફતરે હોવાનું માનવાને કારણ છે જે કાર્યવાહી કચેરી ધ્વારા થયેલ છે. જયારે ટોકન આપેલ ન હોય તે સંજોગોમાં મુદ્દા નં.૧ સી,ઈ અને એફની માહિતીનો પ્રશ્ન થાય નહીં.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૯–૧–૦૯ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૧ (બી) અને ૧ (ડી)ની માહિતી આરટીઆઈ એકટના કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડો.છગનભાઈ એમ. વાઘાણી